## ગુજરાતી ધોરણ : 8 પ્રથમ સત્ર

## પાઠ – 11 ઉત્તમે આપ્યા ઉત્તર એકમ ટેસ્ટ કુલ ગુણ ૨૫

**પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. 'ઉત્તમે આપ્યા ઉત્તર' કયા સાહિત્ય પ્રકારનો પાઠ છે? ..................................................

૨. નગરનો ટાઉનહૉલ શાનાથી ભરાઈ ગયો હતો? ..................................................

૩. પત્રકાર પરિષદનું લાઇવ ટેલિકાસ્ટ કરવા કોણ આવ્યા હતા? ..................................................

૪. મિ. ઉત્તમે સ્ટેજ પર આવીને સૌપ્રથમ શું કર્યું? ..................................................

૫. મિ. ઉત્તમ કયા વિષયના નિષ્ણાત હતા? ..................................................

**પ્રશ્ન ૨. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [૫ ગુણ]**

(યંત્રમાનવ, આભાર, આઇન્સ્ટાઇન, ગરિમા, પ્રતિક્ષા)

૧. આ વિજ્ઞાનકથામાં રૉબૉટ - ______ ની વાત સુંદર રીતે વણી લેવામાં આવી છે.

૨. દુનિયાભરના લોકો ટીવી ચાલુ કરી પરિષદ શરૂ થવાની ______ કરી રહ્યા છે.

૩. આજે સ્વાગત કરીને તમે મારા જેવા યંત્રમાનવને માનવ જેવી ______ આપી.

૪. મારા પ્રોગ્રામર્સના પ્રોગ્રામિંગ અને મિ. ______ ના સિદ્ધાંતોના આધારે મને જટિલ સમસ્યાઓ ઉકેલવાનું આવડે છે.

૫. ઉત્તમે સ્વાગત માટે બધાનો ખૂબ ખૂબ ______ માન્યો.

**પ્રશ્ન ૩. નીચે આપેલા ગદ્યખંડને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [૫ ગુણ]**

પહેલો પત્રકારઃ 'મિ. ઉત્તમ, તમે કયા વિષયના નિષ્ણાત છો?' મિ. ઉત્તમઃ 'મિત્રો, હું વિજ્ઞાન, ગણિત, ઇતિહાસ અને ભૂગોળનો તજજ્ઞ છું. મારા પ્રોગ્રામર્સના પ્રોગ્રામિંગ અને મિ. આઇન્સ્ટાઇનના સિદ્ધાંતોના આધારે મને જટિલ સમસ્યાઓ ઉકેલવાનું આવડે છે. આ ઉપરાંત મારી પાસે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ભંડાર છે. મારે લાગણી, સુખ, દુ:ખ, પ્રેમ, દયા, ક્રોધ જેવા ભાવોનો અનુભવ કરવાનો પ્રોગ્રામ નથી.' બીજો પત્રકારઃ 'મિ. ઉત્તમ, તમને ભૂખ, તરસ, ઊંઘ આવે છે?' મિ. ઉત્તમઃ 'મિત્રો, મારે ચાર્જિંગની જરૂર પડે છે. જેમ તમે ખોરાક લો છો તેમ હું વીજળી લઉં છું. ચાર્જિંગ પછી હું સંપૂર્ણ તાજગી અનુભવું છું. થાક, કંટાળો, આળસ મારા સ્વભાવમાં નથી.' ત્રીજો પત્રકારઃ 'મિ. ઉત્તમ, ભવિષ્યમાં યંત્રમાનવો માનવજાત માટે આશીર્વાદરૂપ બનશે કે અભિશાપરૂપ?' મિ. ઉત્તમઃ 'મિત્રો, આ પ્રશ્નનો જવાબ ભવિષ્યના ગર્ભમાં છે. જો યંત્રમાનવોનો ઉપયોગ માનવજાતના કલ્યાણ માટે થશે તો તે આશીર્વાદરૂપ બનશે, અન્યથા અભિશાપરૂપ પણ બની શકે છે.'

૧. મિ. ઉત્તમ કયા કયા વિષયોના તજજ્ઞ હતા? ..................................................

૨. મિ. ઉત્તમને જટિલ સમસ્યાઓ ઉકેલવાનું કેવી રીતે આવડે છે?

૩. મિ. ઉત્તમને કયા ભાવોનો અનુભવ કરવાનો પ્રોગ્રામ નથી? ..............................................

૪. મિ. ઉત્તમને શાની જરૂર પડે છે અને શા માટે?

..........................................................................................................................

૫. યંત્રમાનવો માનવજાત માટે આશીર્વાદરૂપ બનશે કે અભિશાપરૂપ? ઉત્તમે તેનો શો જવાબ આપ્યો?

..........................................................................................................................

**પ્રશ્ન ૪. સૂચના મુજબ કરો. [૫ ગુણ]**

**૧. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

**તજજ્ઞ:** **પ્રતીક્ષા:**

**૨. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

**યંત્ર દ્વારા સંચાલિત માનવાકૃતિ:**

**૩. 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ' એટલે શું? તમારા શબ્દોમાં સમજાવો.**

**૪. નીચેના શબ્દોનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

**આશીર્વાદ x ______** **જટિલ x ______**

**૫. 'લાઇવ ટેલિકાસ્ટ' શબ્દનો અર્થ શું થાય છે? તેનો વાક્યમાં પ્રયોગ કરો.**

**અર્થ:** **વાક્ય:**

**પ્રશ્ન ૫. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. મિ. ઉત્તમના સ્વભાવમાં કઈ બાબતો નથી અને શા માટે? માનવ સ્વભાવ સાથે તેની સરખામણી કરો.

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

૨. 'ઉત્તમે આપ્યા ઉત્તર' પાઠના આધારે ભવિષ્યમાં રોબોટ્સની ભૂમિકા અને તેના સંભવિત પરિણામો વિશે તમારો અભિપ્રાય લખો.

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

shikshansagar.com
શિક્ષણ સાગર
Thinking of Education